# પ્રતિભાવ

**તંત્રી શ્રી...**

"કચ્છી લેવા પટેલ સંદેશ" દિપોત્સવી અંક મળ્યો. શૈક્ષણિક સાંસ્કૃતિક અને સામાજીક ક્ષેત્રે કચ્છી લેવા પટેલ જ્ઞાતિએ જે પ્રગતિ કરી છે તેમાં આપ સહુના નેતૃત્ત્વ અને સહકારનું નોંધપાત્ર પ્રદાન છે. આ અંકમાં યુવક-યુવતીઓના ફોટા મેં જોયા તેમાં તેઓના મુખ ઉપર ખુમારી, નિર્ભયતા અને તેજસ્વીતાની આભા દેખાય છે. જે સમાજનું યુવાધન આવું પાણીદાર હોય તે સમાજ સર્વાંગી વિકાસ સાધી શકે છે. આપ સહુ ને ખૂબ અભિનંદન.

**- મનસુખલાલ સાવલિયા**, રાજકોટ

આપણું મુખપત્ર ખરેખર જાગૃત્તિનું કામ કરે છે. પ્રસિધ્ધ થતા દેશ-વિદેશના સમાચારો અને વિભાગો ભાતૃભાવ વધારવામાં સહયોગી છે. આ ભગીરથ કાર્યમાં મહેનત લેનાર જ્ઞાતિબંધુઓ નિઃસ્વાર્થ સેવા આપે છે જે આપણું અહોભાગ્ય છે. સૌ જ્ઞાતિજનો મુખપત્રને આવકારે તે આપણા લાભની વાત છે. સમાજે હવે લાવાજમ યોજના બહાર પાડી વધુમાં વધુ જ્ઞાતિજનોના હાથમાં આપણુ મુખપત્ર પહોંચાડે તે જરૂરી છે. અમે વેબસાઈટ પર અંક નિયમિત વાંચીએ છીએ.

**- ભીમજી વેકરીયા** (અધિકારી), સ્કોટલેન્ડયાર્ડ

ઘણા વર્ષો પછી સમાજની વેબસાઈટ નિયમિત અપડેટ થાય છે. જેનાથી વિશ્વભરમાં વસતા જ્ઞાતિબંધુઓને વતનના સમાચાર પ્રાપ્ત થાય છે. અંકની હાર્ડકોપી માટે લવાજમ શરૂ કરીએ તો ચોવીસીને લાભ મળે. અત્યારે માત્ર દાતા કે અગ્રણીઓને જ મળે છે.

**- લાલજી હિરાણી**

અંક વાંચી મને હોસ્ટેલના દિવસો યાદ આવી ગયા 'લેવા પટેલ સંદેશ' સમાજને વિશ્વસ્તરે ઉજાગર કરશે એમાં શંકા નથી.

**- જગદીશ પાંચાણી**

## લવાજમ યોજના

કચ્છી લેવા પટેલ સમાજ ભુજની માલિકી હેઠળ કચ્છી લેવા પટેલ યુવક સંઘ પ્રકાશિત મુખપત્ર 'કચ્છી લેવા પટેલ સંદેશ'નું લવાજમ નીચેની વિગતે ભરી શકાય છે.

પ્રથમ તબક્કે ઓછામાં ઓછું/વધુમાં વધુ તા. ૩૧-૩-૨૦૧૨ સુધી ૨ વર્ષનું લવાજમ સ્વીકારાશે.

દેશમાં રૂા. ૨૦૦ (આઠ અંકના)

પરદેશમાં રૂા. ૫૦૦ (આઠ અંકના)

નિયમો :

૧. અંક દર ત્રણ માસે પ્રગટ થાય છે.

૨. લવાજમ મોકલનારે પોતાનું સ્પષ્ટ નામ, સરનામું અને ટેલિફોન નંબર અવશ્ય જણાવવો.

૩. લવાજમ સ્વીકારવાની પહોંચ મેળવી ગ્રાહક નંબર સાચવી રાખવાનો રહેશે.

૪. લવાજમ રોકડ, ચેક, ડ્રાફ્ટ થી ભરી શકાશે. ચેક/ડ્રાફ્ટ 'શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ ભુજ'નામનો લખો.

**:: લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**

શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ કાર્યાલય

સરદાર પટેલ સંકુલ, ભુજ-મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.

ફોન : +91 2832 231177

મો. (મનજીભાઈ) +91 98250 20584

E-mail : info@kutchilevapatel.org

E-mail : info@sklpsbhuj.com

સંસ્કારધામમાં ભણતી એ દિવસો યાદ આવી ગયા. શ્રી આર. એસ. હીરાણી સાહેબની માવતર તરીકેની હૂંફ અને ગૃહમાતા હેમલતા બહેનનું જીવનઘડતર કરતું શિસ્ત આજે ઉપયોગી બની રહ્યા છે. સંસ્કારધામમાં ભણતી દીકરીઓ હવે બોર્ડમાં ૧ થી ૧૦ નંબર લાવે તેવી અપેક્ષા.

**- હેતલ દબાસીયા**

આર.ડી. વરસાણી હોસ્ટેલમાં અમારૂં જીવનઘડતર થયું છે. તે દિવસોમાં વિદ્યાર્થીઓને આજના જેમ 'લેવા પટેલ સંદેશ' મેગેઝીનની હૂંફ ન હતી છતાં અમે આગળ વધ્યા છીએ. આજે તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને વિશ્વસમાજ સુધી પ્રસિદ્ધ કરનાર સમાજનું મુખપત્ર તૈયાર છે એ વાંચી આનંદ થાય છે. કણબીઓ દરેક ક્ષેત્રે સફળતાના ઝંડા ફરકાવ્યા છે. તેના પ્રસંગો સામેલ કરો.

**- કીશન**

તંત્રીશ્રી, હું મહિલા કોલેજ ભુજમાં ગૃહમાતા તરીકે કાર્ય કરૂં છું. તમને છ મહિના અગાઉ એક લેખ મોકલાવ્યો હતો. જેમાં જ્ઞાતિની બહેનોની વર્તમાન સમસ્યા તરફ દ્રષ્ટિપાત હતો. આપે આટલા સમયથી આ અગત્યના લેખને સમાવેલ નથી. જ્ઞાતિની બહેનોને આગળ વધવાનું પ્લેટફોર્મ ન અપાય તે યોગ્ય નથી. અંકમાં મહિલા વિભાગ શરૂ કરી લેખશ્રેણી આગળ વધારો.

**- શાન્તાબેન વી. પીંડોરીયા**, ભુજ

**રખે ચૂકતા...**

## અમદાવાદ વિદ્યાર્થી હોસ્ટેલ નામકરણ માટે જાહેર અપીલ

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, અમદાવાદના પ્રમુખ શીવજીભાઈ માવજી શીયાણીની યાદીમાં જણાવ્યા મુજબ વિદ્યાર્થી માટેની હોસ્ટેલનું કાર્ય પૂર્ણ થવામાં છે. આ હોસ્ટેલ તુરંત કાર્યરત થાય તે માટે બી.યુ. પરમીશન તેમજ પોલિસ કમિશનર ની પરવાનગી મેળવવા સ્થાનિક કાર્યવાહી કમિટીએ પ્રયત્નો હાથ ધરેલ છે.

સમાજ દ્વારા આ હોસ્ટેલના નામકરણ માટે દાતા તરફથી રૂા. ૫૦ લાખના દાનની દરખાસ્ત આવેલ છે આ સંજોગોમાં નામકરણ માટે જે જ્ઞાતિજન તરફથી સૌથી વધુ રકમની દરખાસ્ત આવશે તે સ્વીકારી નામકરણ કરવાનું સમાજે સર્વાનુમતે ઠરાવેલ છે. આ અંગેનો આખરી નિર્ણય સમાજની કારાબોરી સર્વાનુમતે લેશે. નામકરણ માટે દાતાએ પોતાની દરખાસ્ત, તા. ૩૧-૩-૧૦ સુધીમાં સેક્રેટરી શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, અમદાવાદ ને પહોંચાડવામાં આવે તેવી અપીલ પ્રમુખશ્રીએ કરી છે.

## NAMKARAN

**(Donors Invited for Sponsorship)**

The new boys Hostel of Shree Kutchi Leva Patel Samaj, Ahmedabad has been finally ready, Samaj has received an offer of rs. 50 laces from one of the Community Donor for the NAMKARAN of the Students New Hostel Building. Any Member of our Community who wishes to offer more than Rs. 50 laces should send their offer for the NAMKARAN of New Hostel Building before 31-03-2010 to Trust.